# ધાનેરામાં મુખ્યમંત્રીના સૂત્રના ધજીયા ઉડાવતા સરકારી અધિકારીઓ

## ‘સાચો રહી ન જાય અને ખોટો સહાય લઇ ન જાય’ : ધાનેરામાં અવળી ગંગા ‘સાચો રહી ગયો અને ખોટો સહાય લઇ ગયો’

### સાચા પૂરગ્રસ્તો ડીક્યુમેન્ટના અભાવે સહાયથી વંચિત : ઘર જ નથી બચ્યું તો ડોક્યુમેન્ટ ક્યાંથી બચ્યા હશે : બે માળના મકાનવાળા વ્યક્તિને મળી રહી છે કેશડોલ સહાય

વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની કે જ્યાં લોકો મોત સામે જજુમી જિંદગી



બચાવી છે લોકોએ જિંદગી તો બચાવી પણ લોકો પાસે જીવન જીવવા માટે સામગ્રી નથી બચી નથી બચ્યા ઘર કે નથી બચી ઘરવખરી નો સમાન ત્યારે ગુજરાત ના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ તાત્કાલિક ધાનેરા દોડી આવ્યા હતા અને લોકોને સહાય નું આશ્વાસન આપ્યું હતું મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સહાય એવી રીતે આપવામાં આવશે કે સાચો રહી નહિ જાય અને ખોટો લઈ નહિ જાય પરંતુ ધાનેરા માં તો કૈક અવળી જ ગંગા જોવા મળી રહી છે સાચા બાકી રહી ગયા અને ખોટા લઈ ગયા.

તારીખ ૨૪-૦૭-૨૦૧૭ના રોજ વહેલી સવારે અચાનક ધાનેરા પૂરનું પાણી ફરી વળતા લોકો પાયમાલ બની ગયા છે. લોકોના ઘર સહીત ઘરવખરીનો સમાન પણ પાણીમાં તણાઈ જવા પામ્યા છે લોકો સહીત અંસંખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી તાત્કાલિક ધાનેરા દોડી આવ્યા અને લોકોને જીવન જીવવા માટે એક સહાય રૂપે ઉત્સાહ આપ્યો અને કહ્યું કે ધાનેરામાં તાત્કાલિક સહાય આપવામાં આવશે અને સહાય એવી રીતે આપવામાં આવશે કે સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય પરંતુ અહીંયા તો જાણે કૈક અવળી જ ગંગા જોવા મળી રહી છે કે સાચા લોકો સુધી હજુ સુધી સહાય નથી પહોંચી અને ખોટા લોકો સહાય લઈ ગયા છે. હવે અમે તમને એક એવા પરિવારની મુલાકાત કરાવશું કે પરિવારનું સમગ્ર ઘર ધરાશય થયું છે. ઘરમાં કશું જ બચ્યું નથી અને પરિવાર નિરાધાર બની ગયો છે પરંતુ હજુ સુધી આ પરિવાર સુધી નથી તો



પહોંચી સહાય કે નથી પહોંચી કેશડોલ એક બાજુ સરકાર પૂરગ્રસ્તો સુધી સહાય પહોંચાડવા માટે રાતદિવસ મહેનત કરી રહ્યું છે ત્યારે ધાનેરામાં સાચા પૂરગ્રસ્તો ધ્વરા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્રના અધિકારીઓ લોકો સુધી સહાય નથી પહોંચાડતા લોકોના ઘરમાં પૂરના પાણી ઘુસી ગયા લોકોના ઘરમાં લટકેલા પાંખ સુધી પાણી ચાલ્યા તમામ માલસામગ્રી પાણીમાં તણાઈ ગઈ ત્યારે સહાય માટે તંત્રના અધિકારી લોકો પાસે ડોક્યુમેન્ટ માંગે છે લોકોની તમામ સામગ્રી પાણીમાં તણાઈ ગઈ છે લોકો પાસે કશુંજ બચ્યું નથી તો ડોક્યુમેન્ટ ક્યાંથી બચ્યા હશે તે પણ એક મોટો સવાલ છે.

આ બાબતે અમારી ટિમ ધ્વરા કેશડોલ વિતરણ કરનાર અધિકારી નો સંપર્ક કરતા તેને જણાવ્યું હતું કે જે લોકો પાણી દરમ્યાન તેમનું ઘર છોડી ચાલ્યા ગયા તેવા લોકો ને સહાય નથી અપાઈ અને હવે જે લોકો રજૂઆત કરે છે તેને અમે પૂરતા ડોક્યુમેન્ટ લઈ સહાય આપવાનું કામ ચાલુ કર્યું છે તો બીજી તરફ લોકો જણાવી રહ્યા છે કે કેશડોલ સહાય માં મોટો ભ્રસ્ટાચાર



આચરવામાં આવી રહ્યો છે જે લોકો ના ઘર માં પાણી નથી ગયા તેવા લોકો અને બે માળ ના ઘર વાળા લોકો ને ને કેશડોલ અપાઈ રહી છે અને સાચા પૂરગ્રસ્તો અત્યારે પણ સહાય થી વંચિત જોવા મળી રહ્યા છે અને લોકો માંથી સુર સાંભળવા મળી રહ્યા છે કે કેશડોલ વિતરણ કરનાર અધિકારી વાલા દવલાની નીતિ અપનાવે છે અને જાતિવાદ અપનાવે છે.

ગુજરાત ના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ધ્વરા ધાનેરા ને સૂત્ર આપવામાં આવ્યું હતું કે સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય તે સૂત્ર ની ધાનેરા ભારે અવગણના જોવા મળી રહી છે સાચા લોકો રહી ગયા અને ખોટા સહાય લઈ ગયા માટે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી આ બાબતે તાત્કાલિક તાપસ કરાવે તેવું ધાનેરા ના લોકો ઈચ્છી રહ્યા છે.




## ધાનેરા ધારાસભ્ય જોઇતાભાઈના પોસ્ટર ફાડતા રાજકીય ગરમાવો

ધાનેરા માં ધારાસભ્ય ના પોસ્ટર ફાડતા રાજકીય ગરમાવો જોવા મળ્યો છે તો બીજી તરફ ધારાસભ્ય જણાવી રહ્યા છે કે પોસ્ટર ફાડવાથી લોકો ના દિલ માંથી કોંગ્રેસ નીકળી નહિ જાય બેદિવસ ધાનેરા માં ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ ના વિવિધ જગ્યા પર પોસ્ટર લગાવામાં આવ્યા હતા અને તેમાં લખાણ લખાયું હતું કે નિષ્ઠાવાન બહાદુર અને ઈમાનદાર ધારાસભ્ય તેમાંથી ધાનેરા અગ્રવાલ ત્રણ રસ્તા પર લગાવેલું પોસ્ટર ગતરાતે કોઈ અજાણ્યા ઈસમાં ધ્વરા ફાડી નાખતા સવાર માં ધાનેરા માં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો ત્યારે આ બાબતે ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ નો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે પોસ્ટર ફાડી નાખવાથી લોકો ના દિલ વસેલી કોંગેસ નીકળી નહિ જાય.

## જિલ્લા વહીવટી તંત્રનો છબરડો : સ્વાતંત્રદિનને ગણાવ્યો પ્રજાસત્તાક દિન

એકબાજુ દેશના વડાપ્રધાન ડિજિટલ ઈન્ડિયાના સપના જોઈ રહ્યા છે. ત્યારે બીજી બાજુ શૈક્ષણિક રીતે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનું વહીવટીતંત્ર પણ શૈક્ષણિક રીતે પછાત હોવાની પ્રતીતિ કરાવી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લા પ્રશાશનને સ્વાતંત્રદિન અને પ્રજાસત્તાક દિનની ગતાગમ જ પડતી ન હોય તેવું જણાઈ રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્રે પાલનપુર ખાતે આગામી ૧૫મી ઓગષ્ટને પ્રજાસત્તાક દિન ગણાવતા હોંડિંગ્સ લગાવ્યા હતા. જે છબરડો ચર્ચાની એરણે ચડતા આજે તંત્ર હરકતમાં આવ્યું હતું. દરમિયાન, તંત્રે પોતાની ભૂલ સુધારી ૧૫મી ઓગષ્ટ-સ્વાતંત્ર દિનની ઉજવણી એવો સુધારો કરી પોતાની ભૂલ સુધારી લીધી હતી.

## ધાનેરામાં મકાન સર્વેમાં તેમજ દુકાન સર્વેમાં પણ ગોલમાલ કરતાં અધિકારી

ધાનેરામાં તા.૨૪નાં રોજ અતિભારે વરસાદ તથા પુરથી લોકો લોકોનાં માલ સામાનને નુકસાન થયેલ છે તેમજ દુકાનો તેમજ લારી ગલ્લાઓ ખેચાઈ ગયેલ છે. મકાનો ફાટી ગયેલ છે ત્યારે એન્જીનીયર ઘરની બહાર ઉભા રહીને અવું કહે છે કે તમારે કોઈ નુકસાન નથી. સર્વ કરનાર અધિકારીઓ પોતાના પર આવેલ જવાબદારીઓ માથા પરથી ખભાપર કરી સર્વ કામ કરી રહયા છે. બહારથી આવેલ અધિકારી તથા એન્જીનીયર રાજકારણ તથા વ્યક્તિતગત લાગવગથી સર્વ કરી રહ્યા છે ઘણા ખરા મકાનો દુકાનો સર્વે કરવાનાં બાકી છે તો તાકીદે બાકી રહેલ નું સર્વે થાય તેવી લોકો ની માગ છે.




ભિલોડામાં રૂા.૧૦.૩૦ કરોડ ખર્ચે રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત અંડર ગ્રાઉન્ડ ગટર લાઈનનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા આડેધડ કરાતાં એલ.આઈ.સી.ઓફીસ સામે પેસેન્ઝર ભરેલી જીપ ફસાતાં મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા ત્યારે મુસાફરોએ ભારે બુમરાણ મચાવતાં લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

## પ્રાંતિજ સહિત તાલુકામાં રાષ્ટ્રીય કૃમિ મુકિત દિવસ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ અંતર્ગત વિવિધ જગ્યાએ રેલીયોજી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવી હતી.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષભાઈ ફેન્સી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ, ફતેપુરા, મજરા સહિત તાલુકામાં આવેલ ગામોમાં શાળાઓ તથા આંગણવાડી સહિતના ૧ થી ૧૯ વર્ષ ના બાળકોને કૃમિ રોગથી બચવા તથા નાશ કરવા કૃમિનાશક દવા ખવડાવવામાં આવી હતી અને પ્રાંતિજ સહિત તાલુકામાં વિવિધ વિસ્તારોમાં રેલી યોજી લોકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું તથા શાળાએ જતાં બાળકો કે શાળામાં આંગણવાડીમાં ના જતાં



અને શાળાએ કે આંગણવાડીમાં જતાં તથા ના જતાં બાળકોઓને પણ કૃમિ મુકત ગોળીઓ ખવડાવવામાં આવી હતી જયારે કુમિ રોગથી બાળકો કુપોષિત, પાંડુરોગ જેવી તકલીફો થાય છે જેથી આંગણવાડી બાળકોને પણ આરોગ્ય, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કર્મચારીઓ તથા આશાબહેનો દ્વારા ૧૦ મી ઓગસ્ટના રોજ કૃમિ મુકિત ગોળી ખવડાવવામાં આવી હતી.

## શ્રી શ્રી રવિશંકર મહારાજ ધાનેરા પૂરગ્રસ્ત લોકોની મુલાકાતે

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકર મહારાજ આજે બનાસકાંઠા ના પૂર અસર ગ્રસ્તો સાંત્વના માટે આવ્યા હતા જેમાં સ્થાનિક ધારાસભ્ય સહીત રાજ્ય આરોગ્ય મંત્રી હાજર રહ્યા હતા.

બનાસકાંઠા માં અતિવિનાશક પૂર ના પગલે સ્થાનિકો ની મદદ માટે ધાનેરા ગંજ બજાર માં વેપારીઓ ની મુલાકાત લીધી હતી અને તે બાદ મૃતક ના પરિવાર જનોને આશ્વાસન આપ્યું હતું ત્યાર બાદ ધાનેરા ની હોટલ હિરાણી માં રાજકીય લોકો સહીત સ્થનિક લોકો સાથે બેઠક કરી હતી અને લોકો ના ખબર અંતર પૂછ્યા હતા અને લોકો પાસેથી



શ્રી શ્રી રવિશંકર મહારાજ એક દિવસ માટે બનાસકાંઠા ના ધાનેરા આવ્યા હતા સાંજ ના ચાર વાગ્યે ધનેરા ના થાવર ગામ ના હેલીબેટ પર ઉતર્યા બાદ બે રોડ ધાનેરા ની ડીબી પારેખ હાઈસ્કૂલ માં આવી લોકો ને મળ્યા હતા અને તે બાદ સરકારે કરેલી કામગીરી ની વિગત લીધી હતી લોકો સરકાર ની કામગીરી થી ખુશ છે કે નહિ તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો અને જો સરકાર ની કામગીરી લોકો પરેશાન હોય તો લોકો ને સરકાર પાસે કામ કરવાની ખાતરી આપી હતી.



## જોઇતાભાઈ પટેલે ધાનેરાના અધિકારી સહીત સરપંચ અને તલાટી સાથે બેઠક

ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલે બેંગ્લોરથી પરત આવી ધાનેરાના અધિકારી સહીત સરપંચ અને તલાટી સાથે બેઠક કરી હતી જેમાં લોકોએ સહાયને લઈ હોબાળો મચ્યો હતો. ધાનેરાના લોકો પૂરમાંથી ઉગરી પોતાની જિંદગી બચાવી છે પણ તેમની પાસે હવે જીવવા માટે કોઈ સહારો બચ્યો નથી જો સરકાર આવા સાચા પૂરગ્રસ્તો ને સહાય આપી બેઠા કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે ત્યારે ધાનેરાના ધારાસભ્ય લોકોને વિકટ પરિસ્થિતિમાં છોડી બેંગ્લોર ચાલ્યા ગયા હતા તે બાદ આજે ધાનેરા પરત આવ્યા હતા અને લોકો સહીત ધાનેરાના અધિકારી અને સરપંચ તલાટીઓ સાથે બેઠક કરી હતી પરંતુ આ બેઠકમાં સહાયને લઈ લોકો ઉગ્ર બન્યા હતા અને લોકોએ હોબાળો મચાવ્યો હતો પરંતુ અગ્રણીઓ દ્વારા લોકોને સમજાવતા લોકો શાંત બન્યા હતા.

## પ્રાંતિજના અંબાવાડા ખાતે સામાન્ય બોલાચાલી બાદ એકનું ઢીમ ઢાળી દેનાર બન્ને આરોપીઓ પકડાયા

### ગુસ્સામાં માણસ શું કરી બેસે છે એ તો પરિણામ આવ્યાં બાદ જ ખબર પડે છે

ગુસ્સો કયારે અને કયા સમયે આવે તે તો કોઈને ખબર હોતી નથી અને ગુસ્સામાં કાળા માથાનો માનવી શું કરી બેસે છે એ તો તેને પણ ભાન હોતુ નથી ત્યારે સામાન્ય બોલાચાલીમાં એકનું ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું.

ત્યારે આવી જ એક ઘટના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ખાતે બની હતી અને સામાન્ય બોલાચાલી બાદ ગુસ્સામાં ને ગુસ્સામાં એકનું ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું જેમાં મરણ જનાર કાળુસિંહ પુથ્વીસિંહ રાઠોડનું બાઈક પોતાનો ભાઈ લાલસિંહ પુથ્વીસિંહ પોતે કાળુસિંહને કીધા વગર પોતાની સાસરીમાં લઈને ચાલ્યા ગયાં હતાં જેને લઈને કાળુસિંહને ખબર પડતાં તે ઘરની બહાર મહેલ્લા વચ્ચે તેના ભાઈને ગાળો બોલતાં હતાં તે સમયે મહેલ્લામાં રહેતા નરેન્દ્રસિંહ રાઠોડ તથા બાલુસિંહ રાઠોડ કાળુસિંહને ગાળો ના બોલવાનું કહીને ઠપકો



આપતા બોલાચાલી બાદ ઉગ સ્વરૂપ ધારણ થયું હતું અને મામલો બિચક્યો અને નરેન્દ્રસિંહ કાળુસિંહ રાઠોડને પાછળથી પકડી લીધાં હતાં અને બાલુસિંહએ ગુસ્સામાં ને ગુસ્સામાં પાસે પડેલ ગાડાનું આડું કાળુસિંહના માથામાં મારી દેતાં ખોપરી ફાટી ગઈ હતી તેવો નીચે ઢળી પડ્યા હતાં ત્યારે તેમણે લોહી લુહાણ હાલતમાં પ્રાંતિજ સિવિલમાં લાવવામાં આવ્યા હતાં પણ લોહી વહી જતાં સારવાર મળે તે પહેલાં કાળુસિંહ પુથ્વીસિંહનુ મોત નિપજ્યું હતું ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં લાલસિંહ પુથ્વીસિંહ રાઠોડ મૃતકના ભાઈની ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને નરેન્દ્રસિંહ રાઠોડ તથા બાલુસિંહ રાઠોડ બન્નેની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

## વિશ્વ આદિવાસી દિન નિમિત્તે કિશનગઢ ખાતે નિ:શુલ્ક નિદાન, સારવાર કેમ્પ યોજાયો

વિશ્વ આદિવાસી દિન નિમિત્તે કિશનગઢ નવચેતન હાઈસ્કુલમાં નિ:શુલ્ક નિદાન,સારવાર કેમ્પ યોજાયો હતો.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીના માર્ગદર્શન હેઠળ સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. મુ.જી.આ.અધિ.ડૉ.કલ્પેશ ગૌસ્વામી, આર.સી.એચ. ઓ. ડૉ. ગીરીશ પંડ્યા, તા.આ.અધિકારી ડૉ.એ.જે.વૈષ્ણવ, ગાયનેકોલોજીસ્ટ ડૉ. મિલવ પટેલ, પીડીયાટ્રીશન ડૉ.આઈ.કે.પટેલ, એમ.ઓ.ડૉ. નેહા જોષીયારા, સ્વ.લક્ષ્મીબેન પરમારની યાદમાં માતૃઋણ અર્પણ કરવા સંદર્ભે ૧૧ સફળ નિ:શુલ્ક નિદાન, સારવાર કેમ્પ યોજનાર લક્ષદિપ હેલ્થ કેર ડૉ. વિશાલદેવ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો.

## પાલનપુરના ડૉક્ટર હાઉસ પાસે યુવકે લગાવી મોતની છલાંગ

પાલનપુરમાં રામલીલા મેદાન સામે ડોક્ટર હાઉસ નજીક એક અજાણ્યા યુવકે ટ્રેન સામે પડતું મૂકી મોતને વ્હાલું કરતા ચકચાર મચી જવા પામી હતી. પાલનપુરમાં ડોક્ટર હાઉસ પાસે ટ્રેન નીચે પડતું મુકનાર અજાણ્યા યુવકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. રેલવે પોલીસે મૃતદેહને પી.એમ.માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમા ખસેડ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા યુવકની ઓળખ વિધિની તજવીજ હાથ ધરી તપાસ હાથ ધરી છે.

## ધનસુરા જીઈબીના જુનિયર એન્જિનિયર લાંચ લેતા ઝડપાયા

ધનસુરા યુજીવીસીએલના જુનિયર એન્જિનિયરે વચોટીયા મારફતે વીજ જોડાણનું નામ ફેર કરવા લાંચ માંગવામાં આવી હતી. ગ્રાહકની ફરિયાદના આધારે એસીબીએ છટકુ ગોઠવીને અધિકારી તેમજ વચોટિયાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જાણવા મળ્યા પ્રમાણે ધનસુરા તાલુકામાં પોતાના પિતાનું મોત બાદ વીજ જોડાણમાં નવેસરથી નામ ફેર કરવા વીજ જોડાણમાં નામ ફેર કરવા ગ્રાહકે યુજીવીસીએલ કચેરીમાં અરજી કરી હતી. ત્યાર બાદ એસ્ટીમેન્ટ લેવા માટે ગ્રાહકે ધનસુરા વીજ કંપનીમાં વારંવાર ધક્કા ખાવા છતાં એસ્ટીમેન્ટ આપતો ન હતો. થાકીને જુનિયર એન્જીનિયર કે.આર. રંગણીની સાથે છેલ્લીવાર રજુઆત કરી હોઈ પરિણામ ન આવતાં થાકીને અરવલ્લી જિલ્લા એસીબીને જાણ કરતાં જુનિયર એન્જિયનિરે રૂપિયા પાંચ હજારની લાંચ આપતી વખતે તેમણે કહેલ વચોટીયા સુરેશ ચૌહાણ (રહે. મહાદવપુરા, તા. ધનસુરા)ને આપવા કહેતા એસીપી પી.આઈ. આર.એન. પટેલ તથા સ્ટાફે ધનસુરા બસસ્ટેન્ડ નજીક છટકુ ગોઠવી ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ હોવાનું જાણવા મળેલ છે. ધનસુરા જીઈબી ઓફિસમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.